Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Humanity
ISSN: 2279-0233
Continuous issue-25 | June – July 2016

# દુહાઓમાં પ્રદેશ વર્ણન

## વિષય પ્રવેશ :-

ભારત વર્ષમાં દરેક પ્રદેશનું પોતાનું અલગ મહત્વ છે. તેનું સાહિત્ય, તેનું સંગીત, તેની કળા વગેરે થી જે તે પ્રદેશની ઓળખ વધારે ઘાટી બને છે. તે મુજબ દરેક પ્રદેશનું પોતીકું લોક સાહિત્ય છે, જે તેની આગવી ઓળખ ઉભી કરે છે. આ ઓળખ થકી અન્ય સાહિત્યને પ્રેરણાના પીયુષ પ્રાપ્ત થયા છે.

લોક સાહિત્ય માનવ જાતની દેન છે, તે માનવીની ઉત્પતિ પછી થોડા સમયમાં ઉદભવ્યું હશે! માનવ જાતી ગીત-સંગીત, કથા વગેરે માધ્યમ થકી મનોરંજન સાથે બોધ મેળવતા હશે. માણસ ક્યારેક થાક્યો હશે, ચિંતા અનુભવતો હશે કદાચ ત્યારે જ લોકગીત, લોક કથા, લોક સાહિત્યનો ઉદભવ થયો હશે.

લોક સાહિત્યના મુળિયા ખુબ ઊંડા છે. એના મૂળ સુધી પહોચવું અશક્ય છે. કેટલાક વિદ્વાનોએ તેનું સંશોધન કરી, તેના વિભાગ પાડી આપણા માટે લોક સાહિત્ય સુગમ ને સરળ બનાવી દીધું છે. લોક સાહિત્યના વિવિધ સ્વરૂપ છે જેમ કે લોકગીત, લોકકથા, દુહા-છંદ, ઉખાણા વગેરે, તેમાંથી બળુકું સ્વરૂપ એટલે દુહા....

**" દુહો દસમો વેદ, સમજે તેને સાલે,**
**વિયાંતલની વેણ્ય, વાંઝણી શું ઝાણે ?"[૧]**

દુહો ગાગરમાં સાગરનું કામ કરે છે. ૪ પંક્તિના આ દુહામાં ગજબની તાકાત છે. દુહાને સમજનાર માણસ તેની ચોટને પારખી જાય છે. દુહાના કેટલાક પ્રકાર છે. દુહો, સોરઠિયો દુહો, મોટો દુહો, તુમ્બેરી દુહો, ખોડો દુહો[૨] વગેરે પ્રકાર છે. આજે પણ ગુજરાત રાજસ્થાનમાં દુહાઓ ગવાય છે. દુહાઓમાં વિષય વૈવિધ્ય પ્રાપ્ત થાય છે. જગ ડાહ્યાનાં અનુભવના દુહા, બીરાણ મંત્રના દુહા, જીવાનોલ્લાસના દુહા, ભક્ત કવિના દુહા.[3] આ સિવાયના અનેક વિષયો પરના દુહાઓ પ્રાપ્ત થાય છે. દુહાઓ લોક સાહિત્યમાંથી, ચારણી સાહિત્યમાંથી તથા શિષ્ટ સાહિત્યમાંથી મળી આવે છે. આજ પરંપરા ભારતના અન્ય પ્રાંતોમાં પણ હશે જ.

અહી ગુજરાતના વિવિધ પ્રદેશ વિષયક દુહાઓને પ્રાપ્ત કરી તેની ચર્ચા કરવાનો હેતુ સેવ્યો છે. જેમાં વિવિધ પ્રદેશ, તેની ઓળખ, તેની ખાસીયતને દુહાઓમાં રજુ કરી જે તે પ્રદેશની આગવી ઓળખ ઉભી થાય છે.

- **ઋતુ અને પ્રદેશની ઓળખનો દુહો :-**

**" શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત,**
**વર્ષાએ વાગડ ભલો, કચ્છડો બારેમાસ."[૪]**

અહિ દુહામાં પ્રદેશની પરખ ઋતુઓ મુજબ આવરી લેવામાં આવી છે. શિયાળામાં સોરઠ પ્રદેશમાં રહેવાની મજા છે. ઉનાળામાં હરિયાળા પાણી વાળા પ્રદેશ મધ્ય ગુજરાત ચરોતરમાં રહેવું યોગ્ય છે. વાગડ પ્રદેશમાં વરસાદના સમયે જ રહેવું સારું બાકીના સમયમાં કષ્ટ થતું હોય છે, જ્યારે કચ્છમાં તો બારેમાસ રહેવાનો આનંદ છે.

- **સોરઠ પ્રદેશ :-**

**" બાળું પાટણ દેશ, પાણી વણ પોરા મરે,**
**સરવો સોરઠ દેશ, સાવજડા સેંજળ પીએ."[૫]**

જ્યાં જળના અભાવે પોરા મરી જાય છે, એવા પાટણ દેશની મારે જરૂર નથી એને બાળી નાખો. મને તો રૂડો એવો સોરઠ પ્રદેશ ગમે છે, જ્યાં બારે માસ વહેતી નદીઓમાંથી સાવજ પાણી પીવે છે.

**"સોરઠ દેશ ન સંચર્યો, ન ચડ્યો ગઢ ગીરનાર,**
**ન નાહ્યો દામો - રેવતી, અફળ ગયો અવતાર"[૬]**

સોરઠ પ્રદેશમાં ફરવાનો આનદ છે. ગીરનાર જે આધ્યત્તામીકતાનું પ્રતિક છે તેના ઉપર જો ના ચડ્યા હોય, પવિત્ર દામો કુંડમાં નહાયા ના હોય તો એ માનવનો અવતાર એળે ગયો. આમ અહી સોરઠ પ્રદેશની વિશિષ્ટતા વર્ણવવામાં આવી છે.

- **પાંચાળ પ્રદેશ :-**

**"કંકુ વરણી ભોમકા, સરવો સાલેમાળ,**
**નર પટાધર નીપજે, ભો દેવકો પાંચાળ."[૭]**

જેની ભૂમિ રક્ત વરણી એટલે કે લાલ છે. જે પ્રદેશનો સાલેમાળ નામનો રૂડો પર્વત સુખ્યાત છે. જે ભૂમિમાં વીર નરો પાકે છે. એ પ્રદેશ દેવોની ભૂમિ તરીકે પ્રખ્યાત છે. કહેવાય છે કે આ ભૂમિનું નામ દ્રૌપદી પરથી પાંચાળ પડ્યું છે.

**"કૂકડ કાંધ મૃગ કુદણા, લીલા પીળા લાલ,**
**નવરંગ તોરી નીપજે, ભો દેવકો પાંચાળ"[૮]**

કૂકડાની જેવા કાંધ વાળા, હરણાંની માફક કુદા-કુદ કરનાર, લાંબી ફાળ ભરનાર, જેની જમીન લાલ છે, વરસાદ ઓછો થવાને લીધે તેની વનસ્પતિ પીળા જેવી થઇ ગઈ હોય છે, વિવિધ પીરના લીલા નેજા જ્યાં ફરકે છે, જ્યાંના ઘોડા નવરંગા હોય છે. તે પાંચાળ પ્રદેશ જોવા જેવો છે. સ્વામીનારાયણ ભગવાનની માણકી ઘોડી તથા મહારાણા પ્રતાપના ચેતક ઘોડાનું મૂળ પાંચાળ માં છે.

### ➢ હાલર પ્રદેશ :-

**“નદી ખલકે નીર વહે, કરે મોર મલાર,**
**જ્યાં સાતે રસ નીપજે, ભો ધરા હાલાર."[૯]**

જ્યાં નદીયોમાં ખળ ખળ કરતા જળ વહે છે, મોરલાઓનો ગહેકાટ થાય છે. જેની ધરતી ઉપજાવ છે, એવી આ હાલારની ધરતી છે.

**“લાગઠ પાણી લાંબ ખડ, ધુન્ગે ધુન્ગે ધાર,**
**હાથ ટૂંકા હરમત નૈ, હેમાળો હાલાર."[૧૦]**

જ્યાં સ્થળે સ્થળે નદી નાળા છે, ઠેક ઠેકાણે નાની નાની ટેકરીઓ છે, જ્યાં ઉચાં ખડ-ઘાસ થાય છે. તે પ્રદેશના લોકો કંજૂસ અને ધીરજ વગરના છે. આ વિસ્તાર હાલાર છે એમ સમજવો.

### ➢ બરડો પ્રદેશ :-

**“ભાદર કાંઠાની ભેસ ભલી, વેણુ ગાય વખાણ,**
**કાઠીયાવાડની કામની, બરડા હંદો જવાન.”[૧૧]**

ભાદર નદીના પાણી પીધેલ કાંઠાળ પ્રદેશની ભેસો સારી હોય છે, વેણુ કાંઠાની ગાયો વખણાય છે, કાઠીયાવાડની સ્ત્રીની જેમ બારાડી પંથકના મરદ પુરુષો વખણાય છે.

**“વસ્તી જ્યાં બહુ મેરની, નારી પાતળ પેટ,**
**ઘી પથ્થર વખાણીએ, ભો બરડો બેટ."[૧૨]**

બરડા વિસ્તારમાં ખંતીલી મેર જ્ઞાતિ વધુ પ્રમાણમાં રહે છે, આ વિસ્તારનુ પાતળી કમર વાળી સુંદર સ્ત્રીઓ ઘરેણું છે. આ પ્રદેશનું ઘી અને સફેદ ચૂનાના પથ્થર ખુબ પ્રખ્યાત છે જે બરડા પ્રદેશની વિશિષ્ટતા છે.

### ➢ ઝાલાવાડ પ્રદેશ :-

**“લોટમાં કાંકરી ને, ભાંભરા પાણી,**
**આખા બોલા માનવી, ઈ ઝાલાની એંધાણી."[૧૩]**

ચૂનાના પથ્થરની ઘંટીને લીધે લોટ દળાવતા તેમાંથી કાંકરી નીકળે, આ વીસ્તારના પાણી થોડા ખારાશ પડતા હોય છે, અહીના માનવો આખા બોલા, તડ ને ફડ કહી દેનારા હોય છે આ જ ઝાલાવાડની ઓળખ છે.

**“ઝાઝા જાળા ઝાંખરા, આળીન્ગારો દેશ,**
**ભોમાં ભાલા નીપજે, જોયો ઝાલા દેશ."[૧૪]**

જે વિસ્તારમાં જાળા, ઝાંખરા, બોરડી, બાવળનું પ્રમણ વધારે છે થોડો વસ્મો પ્રદેશ ખરો, જ્યાં ઠેક ઠેકાણે કુદરતી કે માનવીય તકલીફ ઉભી થાય એવો આ ઝાલાવાડ પ્રદેશ છે.

- ભાલ પ્રદેશ :-

**“નહિ છાશ છમકોને છાંયડો, એવા કેતાક અવગુણ કહું,**
**ભૂંડામાં ભલું એ કે, ભાલમાં નીપજે ઘઉં.”[૧૫]**

આ વિસ્તાર એવો છે જ્યાં છાશ, શાકભાજી નથી મળતા કે નથી ક્યાય ઘેઘૂર વૃક્ષની વનરાઈ આવા ઘણા અવગુણ છે પણ ત્યાના ઘઉં ખુબ જ સારા પાકે છે આ છે ભાલની નિશાની.

**“ધૂળ ગામ ધોલેરા, ને બંદર ગામ બારા,**
**કાંઠા ઘઉંની રોટલી, ને પીવા પાણી ખારા."[૧૬]**

ભાલની ધરતીનું મહત્વનું ગામ ધોલેરાના કોઈ મૂલ નથી. અહીનું સુખ્યાત બંદર પણ ગામથી દુર છે. અહી કાંઠાળ ઘઉંની રોટલી ખાવા મળે છે અને પીવા માટે ખારુ પાણી મળે છે આવો છે ભાલ પ્રદેશ.

- **ઓખા મંડળ :-**

**“ઊંચો ગઢ દ્વારકા, પાણા લાખ કરોડ,**
**સમો સાયર ગડગડે, રાજ કરે રણછોડ.”[૧૭]**

જ્યાં દ્વારકા નો ઊંચો કિલ્લો છે, લાખો અને કરોડો પથ્થરો ત્યાં જોવા મળે છે, સામે ઘૂઘવાટા કરતો સમુદ્ર લહેરો પર લહેરો લઇ આવે છે, ગાજતો ગાજતો એ ભૂમિના રાજા રણછોડના પાવ પખાળે છે, જ્યાં રણછોડ રાજ કરે છે એજ ઓખા મંડળની શાન છે.

**“ઓખો અખરો દેશ, પાકે શંખ અને છીપલાં,**
**કામણ લંબે કેશ, સોન કંસારી સાંપડે.”[૧૮]**

ઓખો પોતાની અલગ ઓળખથી જાણીતો છે. ત્યાં શંખ છીપલાં થાય છે, તો આ વિસ્તારમાં સોન કંસારી જેવી લાંબા કામણગારા વાળ વાળી સ્ત્રીઓ પણ જન્મે છે, આ છે ઓખાની ઓળખ.

- **કચ્છ પ્રદેશ :-**

**“ભલ ઘોડા કાઠી ભલા, પેની ઢંક પેરવેશ,**
**રાજા જદુવંશ રા, ડોલરિયો કચ્છ દેશ.”[૧૯]**

જયાના અશ્વો ઉતમ પ્રકારના છે, ત્યાના કાઠીઓ ઉદાર છે, ત્યાના પ્રદેશના લોક ખાસ સ્ત્રીઓ પેની ઢંક વસ્ત્રો પહેરે છે, જદુવંશી રાજવી જાડેજાઓ ત્યાંના રાજા છે તેવો આ રંગીલો કચ્છ પ્રદેશ છે.

**“ખાસ માલ ખડીરના, બાજર બાકર બોર,**
**કુડ ધૂડ કંથકોટની, ઠાકર ચાકર ચોર.”[૨૦]**

કચ્છના એક પ્રદેશ ખડીરનો બાજરો, બકરા અને બોર પ્રખ્યાત છે. તેમ કંથકોટ વિસ્તારની માટી, ઠાકોર, નોકર-ચાકર અને ચોર લોકો ખુબ પ્રખ્યાત છે. આ કચ્છ પ્રદેશની ઓળખ છે.

- **ચરોતર પ્રદેશ :-**

**"બાજરીયા ગ્રંથ દૂધ સું, ચોખા તુઅર દાળ,**
**જળ પ્રઘળ ને અંબફળ, ધાર ગુજર બલીહાર."[૨૧]**

જ્યાંના ભોજનમાં બાજરાના રોટલા, ઘી દૂધ સાથે ચોખા અને તુવેર દાળ હોય છે, જ્યાં ખુબ પાણી ને લીધે આમ્રફળો પાકે છે, એ ગુર્જર ધરાની શાન ચરોતર છે.

**"વહેલ વરઘોડો વીંઝણો, મંદર જાળી ભાત,**
**ભોજન દામ ને ચૂડલો, એ સાતે ખંભાત."[૨૨]**

દરિયાઈ વહેલો, ભભકાદાર વરઘોડા, કળામય વીંઝણો, મંદિરો અને તેની ઝાળીઓ નકશી કામ, ઉત્તમ પ્રકારના ભોજન, સુંદર ચૂડલી, ત્યાના ધનવાન માણસો આ જ્યાં જોવા મળે તે ચરોતરનું ખંભાત સમજવું.

- **કાઠીયાવાડ પ્રદેશ :-**

**"પાતળી પહેરે મોજડી, ચાલે ચટકતી ચાલ,**
**વાંકી બાંધે પાઘડી, ભલો ઈ કાઠીયાવાડ."[૨૩]**

જયાના લોકો પગમાં પાતળી મોજડી પહેરીને ચટકતી ચાલે ચાલ્યા જાત હોય છે. જેની પાઘડી થોડી વાંકી હોય છે એવા લોકો ને જુવો એટલે સમજવું કે આ કાઠીયાવાડ છે.

**"કાઠીયાવાડમાં કોક દી, ભૂલો પડ ભગવાન,**
**થાને મારો મોંઘેરો મે'માન, તને સરગ ભૂલવું શામળા."[૨૪]**

અહી ભગવાન શ્રી કૃષ્ણને કાઠીયાવાડમાં પધારવા હાર્દિક નિમંત્રણ આપવામાં આવે છે, ક્યારેક અમારો મહેમાન બન અમે એટલા સારા આતિથ્ય ભાવ કરીશું કે તને સ્વર્ગ કરતા પણ કાઠીયાવાડ ગમશે.

## ઉપસંહાર :-

આમ આપણે ઉપર જોઈ ગયા કે દુહાની શું તાકાત છે. દુહાઓમાં ફક્ત શુરવીરતાની વાત, દાતારીની વાત, પ્રીતની કે વિરહની જ વાતો  નથી પણ તેમાં જીવન મુલ્યો, વ્યક્તિ વિશેષની વાતોની સાથે પ્રદેશની ઓળખ પણ પ્રાપ્ત થાય છે. દુહામાંથી પસાર થતા જાણે આપણે ખુદએ પ્રદેશમા હોય તેવો ચીતાર દુહા આપણી સમક્ષ ખડો કરી દે છે. અહી જે તે પ્રદેશની ઓળખ આપતા દુહાઓ ફક્ત ૨ – ૨ આચમન માટે લીધા છે. આ સિવાય અનેક દુહાઓ પ્રદેશ, જાતી અને માણસ ની ઓળખ આપતા પ્રાપ્ત થાય છે. જે સંશોધન નો વિષય બની રહે તેમ છે.

## સંદર્ભ :-

(૧) ટેલીફોનીક ચર્ચા, તખતદાન રોહડિયા, અમદાવાદ
(૨) સુવર્ણ રેણુ, પૃ. ૨૫, રતુદાન રોહડિયા,પ્રકાશન વર્ષ ૧૯૯૨, પ્રવીણ પ્રકાશન
(૩) દુહો અમણા દેશ'રો, પૃ. ૫, તીર્થંકર રોહડિયા, પ્રકાશન વર્ષ ૨૦૦૧, પ્રવીણ પ્રકાશન
(૪) દુહા-છંદની સૌરભ, પૃ. ૭, શિવદાન ગઢવી, પ્રકાશન વર્ષ ૨૦૧૪, ડિવાઈન પ્રકાશન
(૫) દુહો અમણા દેશ'રો, પૃ. ૪૯, તીર્થંકર રોહડિયા, પ્રકાશન વર્ષ ૨૦૦૧, પ્રવીણ પ્રકાશન
(૬) દુહો દશમો વેદ, પૃ. ૧૭૯, જયમલ્લ પરમાર, પ્રકાશન વર્ષ ૨૦૦૫, પ્રવીણ પ્રકાશન
(૭) દુહો દશમો વેદ, પૃ. ૨૦૭, તખ્તાદન રોહડિયા, પ્રકાશન વર્ષ ૧૯૯૬, પ્રકાશક પોતે
(૮) ટેલીફોનીક ચર્ચા, યોગેશ બોક્ષ, અમદાવાદ
(૯) ટેલીફોનીક ચર્ચા, લક્ષ્મણ ભાઈ ગઢવી, જામનગર
(૧૦) દુહો અમણા દેશ'રો, પૃ. ૫૦, તીર્થંકર રોહડિયા, પ્રકાશન વર્ષ ૨૦૦૧, પ્રવીણ પ્રકાશન
(૧૧) ટેલીફોનીક ચર્ચા, દિનેશભાઈ માવલ, જામનગર
(૧૨) ટેલીફોનીક ચર્ચા, ભાઈજીભાઈ ચટકા, અમરાપર
(૧૩) તીર્થંકર રોહડીયાની અંગત નોંધ પોથી માંથી
(૧૪) ભગુભાઈ ઈશ્રાણીની અંગત નોંધ પોથી માંથી
(૧૫) ટેલીફોનીક ચર્ચા, નટવરસિંહ મહેડું, પાંદડ
(૧૬) ટેલીફોનીક ચર્ચા, જસુભાઇ ગઢવી, ખંભાત
(૧૭) રતુદાન રોહાડડિયાની અંગત નોંધ પોથી માંથી
(૧૮) એજન
(૧૯) કચ્છ દર્શન, પૃ. ૧૮૨, શંભુદાન અયાચી, પ્રકાશન વર્ષ ૧૯૬૨, પ્રકાશક પોતે
(૨૦) એજન
(૨૧) ટેલીફોનીક ચર્ચા, બિહારીદાન ગઢવી, રાજકોટ
(૨૨) ટેલીફોનીક ચર્ચા, પ્રદીપદાન ગઢવી, માંડવી
(૨૩) ટેલીફોનીક ચર્ચા, દરબાર શ્રી પુંજાવાળા, સાણથલી
(૨૪) રતુદાન રોહડિયાની અંગત નોંધ પોથી માંથી

*************************************************************

તીર્થંકર રતુદાન રોહડિયા
ગુજરાતી વિભાગ
સૌરાષ્ટ્ર જ્ઞાનપીઠ આર્ટ્સ & કોમર્સ કોલેજ
બરવાળા, જુનાગઢ

Copyright © 2012- 2016 KCG. All Rights Reserved. | Powered By : Knowledge Consortium of Gujarat